આજે કાલાષ્ટમી: બાબા કાલભૈરવની પૂજાનો મહિમા

કાલાષ્ટમીના દિવસે ભગવાન શિવના રૌદ્ર સ્વરૂપ કાળ ભૈરવની પૂજાનું મહત્ત્વ



હિંદુ ધર્મમાં કાલાષ્ટમીના પર્વનું વિશેષ પૌરાણિક મહત્વ છે. કાલાષ્ટમી પર બાબા કાલભૈરવની પૂજા કરવામાં આવે છે. પંચાંગ અનુસાર, દર વર્ષે કૃષ્ણ પક્ષની અષ્ટમીની તિથીએ કાલાષ્ટમીનો તહેવાર ઉજવવામાં આવે છે.

આ દિવસે ભક્તો ભગવાન ભૈરવની પૂજા કરે છે અને તેમને પ્રસન્ન કરવા માટે ઉપવાસ રાખે છે. કાલાષ્ટમી રવિવાર કે મંગળવારે આવે તો તેને સારી અને શુભ માનવામાં આવે છે.આ વખતે રવિવારે ૯ તારીખના રોજ કાલાષ્ટમી છે.

કાલાષ્ટમી ભગવાન શિવના ભક્તો માટે વિશેષ દિવસ છે. આ દિવસે ભક્તો સૂર્યોદય પહેલા જાગી વહેલા સ્નાન કરે છે. તેઓ કાલ ભૈરવના આશીર્વાદ મેળવવા અને તેમના દ્વારા થયેલા પાપોની ક્ષમા માંગવા માટે વિશેષ પૂજા કરે છે. આ સાથે જ સાંજે ભક્તો ભગવાન કાલ ભૈરવના મંદિરે પણ જાય છે અને ત્યાં વિશેષ પ્રાર્થના અને પૂજા અર્ચના કરે છે. ધાર્મિક માન્યતા છે કે કાલ ભૈરવ ભગવાન શિવનું રૌદ્ર સ્વરૂપ છે. ભગવાન બ્રહ્માના ક્રોધને સમાપ્ત કરવા માટે તેમનો જન્મ થયો હતો. કાલાષ્ટમીના દિવસે સવારે પૂર્વજોની વિશેષ પૂજા સાથે અનુષ્ઠાન પણ કરવામાં આવે છે.

આ દિવસે ભક્તો આખો દિવસ કઠોર ઉપવાસ રાખે છે. કેટલાક લોકો પોતાની આસ્થા સાથે વ્રત સાથે રાત્રે જાગરણ કરે છે અને ભગવાન મહાકાલેશ્વરની કથા સાંભળે છે.

જે વ્યક્તિ કાલાષ્ટમીનું વ્રત કરે છે તેને સમૃદ્ધિ અને સુખ મળે છે અને તેના જીવનમાં તમામ સફળતા પ્રાપ્ત થાય છે.

કાલાષ્ટમીનું મહત્વ:

કાલાષ્ટમીનું મહાત્મ્ય 'આદિત્ય પુરાણ'માં જણાવવામાં આવ્યું છે. હિન્દીમાં 'કાલ' શબ્દનો અર્થ 'સમય' થાય છે જ્યારે 'ભૈરવ'નો અર્થ થાય છે 'શિવનું પ્રગટ થવું'. આથી કાલ ભૈરવને 'સમયનો દેવતા' પણ કહેવામાં આવે છે અને ભગવાન શિવના ભક્તો દ્વારા તેમની સંપૂર્ણ ભક્તિ ભાવ સાથે પૂજા કરવામાં આવે છે.

પૌરાણિક દંતકથાઓ અનુસાર, એકવાર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ વચ્ચેની દલીલ દરમિયાન, ભગવાન શિવ બ્રહ્માની એક ટિપ્પણી પર ગુસ્સે થયા, ત્યારબાદ તેમણે 'મહાકાલેશ્વર' નું રૂપ ધારણ કર્યું અને ભગવાન બ્રહ્માનું પમું માથું કાપી નાખ્યું. ત્યારથી દેવતાઓ અને મનુષ્યો ભગવાન શિવના આ સ્વરૂપને 'કાલ ભૈરવ' તરીકે પૂજે છે.

એવું માનવામાં આવે છે કે કાલાષ્ટમી પર જે લોકો ભગવાન શિવની પૂજા કરે છે તેમને ભગવાન શિવની કૃપા પ્રાપ્ત થાય છે.

સ્પોર્ટ્સ યુનિ.ના કુલપતિ ડો. અર્જુનસિંહ રાણાને શિક્ષણ મંત્રીના હસ્તે એવોર્ડ

ગાંધીનગર, તા.૦૮

રાજ્યની સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી પ્રો. (ડૉ.) અર્જુનસિંહ રાણાને ગુજરાત રાજ્યમાં સ્પોર્ટ્સ એજ્યુકેશન ક્ષેત્રે આપેલ યોગદાન માટે ગુજરાત રાજ્યના શિક્ષણ મંત્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ મંત્રી કુબેરભાઈ ડીંડોરના વરદ હસ્તે ઝી ૨૪ કલાક શિક્ષા કોન્ક્લેવ ૨૦૨૩માં એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સાથે પ્રો. (ડૉ.) અર્જુનસિંહ રાણાના માર્ગદર્શન હેઠળ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીએ ઉત્તરોત્તર પ્રગતિ કરેલ છે અને યુનિવર્સિટીની સિદ્ધિઓમાં વધુ એક પીંછું ઉમેરાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રમતગમત મંત્રી હર્ષભાઈ સંઘવીના માર્ગદર્શન હેઠળ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીમાં ૨૫૦૦ કરતાં પણ વધારે રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાના ખિલાડીઓ અભ્યાસ કરી રહ્યાં છે, તેમજ પાછલા વર્ષોમાં આ યુનિવર્સિટીએ રમતગમતમાં સંશોધન ક્ષેત્રે પણ મહત્વનું યોગદાન આપ્યું છે. યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા ખિલાડીઓ દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ વિવિધ મેડલ જીતી યુનિવર્સિટીનું તેમજ રાજ્યનું નામ રોશન કર્યું છે. વડોદરા જિલ્લાના ડેસર તાલુકાના વાલાવાવ પાસે ૧૩૦ એકરમાં આંતર રાષ્ટ્રીય સુવિધાઓ જેવી કે ઇન્ડોર મલ્ટીપલ પર્સ હોલ ઈન્ટરનેશનલ કક્ષાનો સ્વિમિંગ પુલ તેમજ એથ્લેટિકટ્રેક, બોયઝ અને ગર્લ્સ હોસ્ટેલ અને એડમિનિસ્ટ્રેટિવ બિલ્ડીંગ જેવી સુવિધાઓ સાથે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુંહતું જે હાલ સંપૂર્ણપણે ડેસર મુકામે કાર્યરત થઈ જવા પામ્યું છે.

શહેરમાં વરસાદી ઋતુમાં વૃક્ષો પડી જવાની સમસ્યા પણ સર્જાતી હોય છે. ગાંધીનગરના સેક્ટર-૩ન્યુ માં પ્રવેશવાના માર્ગ પાસે જ શનિવારે બપોરે એક લીમળનું વૃક્ષ વરસાદમાં ધરાશાયી થઈ જવા પામ્યું હતું જેના કારણે સેક્ટરની કમ્પાઉન્ડ વોલ પણ તૂટી જવા પામી છે.

ઓનલાઈન પિટિશન સાઈન કેમ્પેઈનને મળેલા પ્રતિસાદથી તંત્ર હરકતમાં

વન વિભાગ ઉપરાંત હવે મનપા પણ માર્ગ અને મકાન વિભાગ સાથે ચર્ચા કરશે :પ્રકૃતિ રક્ષા અભિયાનના પિટિશન કેમ્પેઇનમાં ત્રણ હજારથી વધુ પ્રકૃતિ પ્રેમીઓની સાઈન : સોશ્યિલ મીડિયા થકી ફીટકાર વરસાવતા પ્રકૃતિપ્રેમીઓ

ગાંધીનગર, તા.૦૮

ગાંધીનગરમાં નવી ગટર લાઈન નાખવાના કાર્ય માટે આશરે પાંચ હજાર જેટલાં વૃક્ષો કાપવાના છે જે અંગેના સમાચારો પ્રકાશિત થતા શહેરના પ્રકૃતિ પ્રેમીઓમાં ભારે રોષની લાગણી પ્રવર્તવા પામી છે. શહેરમાં વિકાસ કાર્યોની આડમાં થઈ રહેલા વૃક્ષોના નિકંદન સામે વારંવાર અવાજ ઉઠાવતા "પ્રકૃતિ રક્ષા અભિયાન" દ્વારા આ બાબતે સોશિયલ મીડિયાના માધ્યમથી ઓનલાઈન પિટિશન સાઈન કરવાનું અભિયાન હાથ ધર્યું છે જેને ખૂબ જ પ્રોત્સાહન પ્રતિસાદ સંપડ્યો છે અને ટૂંક જ સમયમાં ત્રણ હજારથી વધુ પ્રકૃતિ પ્રેમી નાગરિકોએ સપોર્ટ કર્યો છે. વૃક્ષછેદન બાબતે નાગરિકોના વિરોધને નિહાળીને વન વિભાગે પાયોવી સાથે ચર્ચા કરવાનું નક્કી કર્યા બાદ આજે મહાનગરપાલિકાના મેયર હિતેશ મકવાણા દ્વારા ગટર લાઈનના પ્રોજેક્ટમાં ફેરફાર કરીને વૃક્ષો કપાતા બચાવવામાં આવશે તેઓ સંકેત આપવામાં આવ્યો છે.

ગાંધીનગરમા છેલ્લાં કેટલાંક સમયથી વિવિધ વિકાસ કાર્યો હેઠળ શહેરની ઓળખ સમાન હરિયાળીનું નિકંદન કાઢવામાં આવી રહ્યું છે જેમાં ઘ-૪ અને ગ-૪ના અંડરપાસ, ધારાસભ્યોના નિવાસસ્થાન, ઘ-૦ ઓવરબ્રિજ, મેટ્રો રેલ પ્રોજેક્ટ, સેક્ટરોના આંતરિક માર્ગોને પહોળા કરવા સહીતના વિકાસ કાર્યોનો સમાવેશ થતો હતો. આ પછી હવે શહેરમાં પાણી, ગટર અને વરસાદી પાણીના નિકાલ માટેની નવી પાઈપલાઈનો નાંખવાના કાર્યો માટે વૃક્ષ છેદન કરવામાં આવી રહ્યું છે. એટલી મોટી સંખ્યામાં શહેરમાં હરિયાળીનું નિકંદન કાઢવામાં આવી રહ્યું છે કે જેના કારણે માત્ર પ્રકૃતિપ્રેમીઓ જ નહીં પરંતુ શહેરના મોટા ભાગના નાગરિકોના હૃદય દ્રવી ઉઠ્યા છે અને આગામી સમયમાં શહેરમાં પર્યાવરણનજ સમતુલા ખોરવાઈ જશે જેના માઠા પરિણામો શહેરીજનોને ભોગવવા પડશે તે વિચારે સામાન્ય શહેરીજનો પણ ચિંતાતુર બન્યા છે. વિશ્વમાં આમ પણ વૃક્ષોના નિકંદનને કારણે ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગ જેવી ગંભીર પર્યાવરણીય સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યું છે ત્યારે ગાંધીનગર જેવા એક સમયના એશિયાના સૌથી હરિયાળા પાટનગરનું બિરુદ ધરાવતા શહેરમાં વૃક્ષોનું આડેધડ બેફામ નિકંદન ચિંતાજનક બાબત છે. જયારે વિશ્વના પ્રગતિશીલ દેશોમાં વૃક્ષો કાપવાની જગ્યાએ પ્રોજેક્ટમાં ફેરફાર કરવાનો કે પડતો મુકવાનો અભિગમ પ્રવર્તી રહ્યો ત્યારે ગાંધીનગરમાં કેમ આ બાબતે દુર્લક્ષ સેવવામાં આવે છે તે અંગે શહેરીજનો તર્ક વિતર્ક કરી રહ્યાં છે. શહેરના પર્યાવરણ પ્રેમીઓ દ્વારા ચલાવાતા "પ્રકૃતિ રક્ષા અભિયાન"ના નેજા હેઠળ અનેકવાર વૃક્ષોના નિકંદનને અટકાવવા વિવિધ સ્તરે વિનવણીઓ કરવામાં આવી છે પરંતુ તેમ છતાં વારંવાર મોટી સંખ્યામાં વૃક્ષો કાપવાનુ જાહેર કરવામાં આવે છે અને વૃક્ષો કાપવામાં પણ આવી રહ્યાં છે તેના કારણે શહેરીજનોમાં રોષ વધી રહ્યો છે.

આ રોષને વાચા આપી તંત્ર સુધી પહોંચાડવા "પ્રકૃતિ રક્ષા અભિયાન" દ્વારા **Change.Org** ના માધ્યમથી ઓનલાઈન પિટિશન સાઈન અભિયાન છેડવામાં આવ્યું છે જેમાં એક સપ્તાહથી ઓછા સમયમાં જ ત્રણ હજારથી વધુ પ્રકૃતિપ્રેમી નાગરિકોએ સાઈન કરતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે અને પ્રોજેક્ટ અંગે ફરી વિચારણા કરવા હરકતમાં આવ્યું છે.

વૃક્ષો કાપવા ના પડે તે માટે ફેર વિચાર કરીશું : મેયર

નવી ગટરલાઈન માટે પાંચ હજાર વૃક્ષો કાપવાનાં છે જેની સામે "પ્રકૃતિ રક્ષા અભિયાને" છેડેલા ઓનલાઈન પિટિશન સાઈન કેમ્પેઈનને મળેલા પ્રતિસાદ પછી મેયર હિતેશ મકવાણાએ પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે "આ બાબતે મેં પણ માર્ગ અને મકાન વિભાગ સાથે વાત કરી છે અને ગટરલાઈનના પ્રોજેક્ટમાં ફેરફાર કરવા પડેતો તે પણ કરીને વૃક્ષો કાપવા નહીં દઈએ, વૃક્ષો ઉછેરવામાં કેટલું કષ્ટ પડે છે તે આપણે સૌ જાણીયે છીએ. એક પ્રોજેક્ટ માટે આટલા બધા વૃક્ષોનું નિકંદન કરવું પડે તે સારી બાબત નથી અને આપણે તે વૃક્ષોને બચાવવા બીજી કઈ રીત અજમાવી શકીએ તે માર્ગમકાન વિભાગ સાથે મળીને વિચારીશું."

ગટલાઈન રોડ કે ફુટપાથ નીચે નાંખવા પ્રકૃતિપ્રેમીઓનું સૂચન

પ્રકૃતિ રક્ષા અભિયાન અંતર્ગત વૃક્ષ છેદન અટકાવવા માટે જે ઓનલાઈન પિટિશન દાખલ કરવામાં આવી છે તે અંતર્ગત કેટલાંક પ્રકૃતિ પ્રેમીઓ. શહેરમાં ગટર લાઈનને વન વિભાગના રિઝર્વ ફોરેસ્ટ વિસ્તારમાં નાખવાના પ્લાન ને કારણે અસંખ્ય વૃક્ષો કાપવા પડે તેવી નોબત આવી છે પરંતુ જો આ ગટર લાઈન અન્ય વૈકલ્પિક જગ્યાએ જેમકે રોડ નીચે કે પછી ફૂટપાથ નીચે નાખવામાં આવે તો આ વૃક્ષો કાપવા ના પડે તેઓ મત રજૂ કરી રહ્યા છે. એક પ્રકૃતિ પ્રેમી નાગરિક દ્વારા તો ગોવામાં પણજી ખાતે ફૂટપાથ નીચે ગટર લાઈન નાખીને વૃક્ષો કપાતા બચાવવામાં આવ્યા છે તેનું ઉદાહરણ પણ પ્રસ્તુત કરવા સાથે ગાંધીનગરમાં પણ અપનાવીને વૃક્ષો કપાતા બચાવી શકાય છે તેઓ સૂચન કર્યું છે. મેયર દ્વારા પણ પાટનગર યોજના ભવન સાથે ચર્ચા કરીને વૃક્ષો કાપવાની બદલે અન્ય વિકલ્પ શોધવાની વાત કરી છે જે ઘણી આવકારદાયક બાબત છે.

સે.૩ન્યુમાં નવી સ્ટ્રોમ વોટર લાઈનને કારણે આંતરિક ગટરો ચોકઅપ

વારંવાર ફરિયાદ કરવા છતાં એજન્સી ગણકારતી નથી તેવી વસાહતીઓની ફરિયાદ

ગાંધીનગર, તા. ૦૮

ગાંધીનગરના સેક્ટર-૩-ન્યુમાં નવી સ્ટ્રોમ ગટરલાઈનનું કામ થવાના કારણે કે અન્ય કારણોસર વારંવાર આંતરિક ગટરો ચોકઅપ થઈ જવાની સમસ્યા પેદા થવા પામી છે તેવી ફરિયાદ સે.૩ન્યુ વસાહત મંડળ દ્વારા પાટનગર યોજના ભવનના કાર્યપાલક ઈજનેરને કરવામાં આવી છે. આ સાથે હાલ ચોમાસાની ઋતુમાં સ્ટ્રોમ વોટર લાઈનમાં વરસાદી પાણીના નિકાલ કરવા માટેની પણ કામગીરી ચાલતી હોવાથી તેના કારણે પણ સેક્ટરની આંતરિક ગટરલાઈનોમાં ચોકઅપ થવાનું પ્રમાણ ખુબજ વધી ગયું છે તેવી રજુઆત કરવામાં આવી રહી છે. સે.૩ન્યુ વસાહત મંડળના પ્રમુખ જયેશ આગજાએ કરેલી લેખિત ફરિયાદમાં તેમણે એમ પણ જણાવ્યું છે કે "ચોકઅપ થયેલી લાઈનના મરામત માટે વસાહતીઓ તરફથી વારંવાર ઈક્વાયરી ઓફીસમાં લેખિત તથા ટેલીફોનીક ફરિયાદો કરવા છતાં, આ કામગીરીકરતી એજન્સી કોઈની ફરીયાદો ધ્યાન પર લેતી નથી કે કોઈ સંતોષકારક જવાબ આપવાની તસ્દી લેતાં નથી. આજે થઈ જશે, કાલે થઈ જશે એવાં આશ્વાસનો આપી વસાહતીઓને રોજ ધક્કા ખવડાવવામાં આવે છે. બહુ બહુ તો એકાદ બે માણસો ખાલી આવીને જોઈને વસાહતીઓને ટેકનીકલ કારણો બતાવી પોતાની જવાબદારી ટાળીને જતા રહેતા હોય છે. આમ, એજન્સી તરફથી ફરિયાદોનો કોઈ સંતોષકારક નિકાલ કરવાને બદલે ફરિયાદો ટાળવામાં આવે છે." ગટર ચોકઅપ થવાને કારણે દુષિત પાણી બેક મારે છે. આ સાથે તેમણે હાલના વરસાદી વાતાવરણને ધ્યાનમાં લઈ આ પ્રશ્નના કાયમી નિરાકરણ માટે સેક્ટરની તમામ ડ્રેનેજ લાઈનોમાંસફાઈની કામગીરી કરાવી આપવા માંડ કરી છે.

વાવોલના વડીલોએ જીવનધારા વૃદ્ધાશ્રમની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૦૮

ગાંધીનગરના વડીલો વિવિધ પ્રવૃતિઓમાં ખુબજ એક્ટિવ જોવા મળે છે. શહેરના વાવોલ વિસ્તારના પાંચ આંબા જોગણી માતાના મંદિરે સાથે બેસતા સિનિયર સિટીઝન્સ ગ્રૂપ દ્વારા ગઈકાલે શુક્રવારના રોજ અમદાવાદ જિલ્લાના લાંભા ખાતેના જીવનધારા વૃદ્ધાશ્રમની મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમ્યાન વાવોલના વડીલોએ નોંધ લીધી હતી કે આ વૃદ્ધાશ્રમમાં ૨૧૮ જેટલાં વૃદ્ધો રહે છે અને અહીં વૃદ્ધો માટે પોતાના ઘર કરતાં પણ વિશેષ સગવડો ઉપલબ્ધ છે. અહીં હેર સલૂન, ફિઝીઓથેરાપી રૂમ, લકવાગ્રસ્થ વૃદ્ધો માટે કસરત રૂમ, આંખનો ઓપેરશન રૂમ, આરઓનુ પાણી તથા અન્ય ખુબજ સારી વ્યવસ્થા જોવા મળી હતી. અહીં વાવોલના વડીલો દ્વારા તમામ વૃદ્ધોને જમાડવામાં આવ્યાં જેમાં તેઓ પણ સાથે બેસીને જમ્યા હતા અને તેમણે વૃદ્ધાશ્રમના વડીલો સાથે આશરે ત્રણ કલાક જેટલો સમય વિતાવ્યો હતો.

સે. ૨૪ દશામા મંદિર ખાતે ગરબાનું આયોજન

ગાંધીનગર, તા. ૮

શ્રાવણ વદ અમાસને તારીખ ૧૭ જુલાઈથી દશામાના વ્રતનો પ્રારંભ થવાનો છે. જે નિમિત્તે દશામા યુવક મંડળ દ્વારા સે. ૨૪ દશામાના મંદિરે ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે. સર્વે ભાવિક ભક્તોને માતાજીના દર્શન-ગરબાનો લાભ લેવા જાહેર આમંત્રણ પાઠવ્યું હતું.

આદર્શ નિવાસી શાળા (અ.જા. કુમાર) સેક્ટર-૮, ગાંધીનગર ખાતે અર્બન હેલ્થ સેન્ટર, સેક્ટર-૨ દ્વારા વિદ્યાર્થીઓનું મેડિકલ ચેકઅપ કરવામાં આવ્યુ હતું.

આજે સંસ્કાર ગ્રુપ દ્વારા જ્ઞાન સાથે ગમ્મતની પ્રવૃત્તિ કરાવાશે

ગાંધીનગર, તા. ૮

સંસ્કાર ગ્રુપ દ્વારા રવિવારે સવારે ૯ થી ૧૦ કલાક દરમિયાન સે. ૭ના બગીચામાં ચંદ્રયાન-૩ મિશન સફળ લોન્ચીંગ માટે ગ્રુપ દ્વારા શુભેચ્છા પ્રાર્થના કરવામાં આવશે. સાથે જ રમત-ગમત, જ્ઞાન અને ગમ્મતની પ્રવૃત્તિ કરવામાં આવશે.

ગુજરાતમાં વિશ્વકર્મા આયોગ અને સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરાશે

ગાંધીનગર, તા. ૮

ગુજરાત રાજ્યમાં ટૂંક સમયમાં જ વિશ્વકર્મા આયોગ તેમજ વિશ્વકર્મા સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરવાની જાહેરાત કરતાં લઘુ અને મધ્યમ ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા એ રાજ્યના મહાનગરોમાં એમ.એસ સેમિનાર યોજવાનું જણાવ્યું હતું. ગાંધીનગરમાં આજે વિશ્વકર્મા ગ્લોબલ સોસાયટી નાં ઉપક્રમે એક સમારોહ યોજાયો હતો. આ સમારોહનું ઉદઘાટન કરતા લઘુ અને મધ્યમ ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા એ ગુજરાતમાં ૬ લાખ જેટલી વસ્તી અને ૧૨ જેટલી સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ ધરાવતા વિશ્વકર્મા વંશજ માટે વિશ્વકર્મા આયોગની સ્થાપના માટે આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ ઉપરાંત વિશ્વકર્મા સ્કીલ યુનિવર્સિટી માટે જમીન તૈયાર હોવા સાથે દાતાઓ પણ ઉત્સાહિત છે. તેમણે સામાજિક જાગૃતિ લાવવા તેમજ સંગઠનના કામોમાં ઝડપ લાવી ઉદ્યોગ અને મેડિકલ ક્ષેત્રે આયોજનબંધ કામ કરવા અપીલ કરતાં ખાસ કરીને સામાજિક સેવાથી વિમુખ થઈ રહેલા યુવાનોને જોતરવા અપીલ કરી હતી. આ પ્રસંગે બક્ષીપંચ નિગમના પૂર્વ ઉપાધ્યક્ષ શ્રી ભગવાનદાસ પંચાલે વિવિધ સમિતિઓની રચના કરી આગામી ૧૭ સપ્ટેમ્બરે અમદાવાદમાં રાજ્યકક્ષાનું જાહેરાત કરી હતી. આ સમારોહમાં સીએમ ઓફિસના ઓએસડી શ્રી એ. બી. પંચાલ તેમજ સામાજિક અગ્રણી શ્રી કે. ડી. સુથાર અને શ્રી કે. ડી. પંચાલે પ્રાસંગિક પ્રવચન કરતા સામાજિક અવેરનેસ સાથે કામમાં વાતોના બદલે નક્કર કામગીરી કરી ઝડપ લાવવા અપીલ કરી હતી.

આ સંસ્થાના પ્રમુખ શ્રી રજનીકાંત સુથારે સ્વાગત પ્રવચન કરતા વિશ્વકર્મા આયોગની રચના માટે તૈયાર કરાયેલા ડ્રાફ્ટ વિશે માહિતી આપી હતી. અંતમાં મહામંત્રી શ્રી પંકજ પંચાલે આભારવિધિ કરી હતી.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર ગુરૂવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧